**Recitation of Ana(n)t Akhā*do* over 40 days**

**Day 23**

આશાજી મારી મીલછ તખત રચાયા, કીધા એ પરીયાણજી;
મીલછ મારી તેણે જોત જગાડી, બેઠા કહેકજ માંહે. હુરી. (૨૭૬)

આશાજી હુસનાપુરી માંહે તખતેજ બેઠા, કેણે તીયાં ન જાણ્યાજી;
ગુર બ્રહ્મા પીર સદરદીન પોતા, તેણે કીધા નેકુાર. હુરી. (૨૭૭)

આશાજી બાર માસ ગુર તપજ સાધ્યા, રહ્યા તે દર દરવાજેજી;
મહેર કરો મોરા ગુસાંઈયા, આપ દીઓ દીદાર. હુરી૦ (૨૭૮)

આશાજી બાર માસે નરજી આવ્યા આવ્યા તે કોલ કરારજી;
કોલ કરી ગુર પાછાં આવ્યા, પોહોતા ઉંચજ માંહે. હુરી. (૨૭૯)

આશાજી ગત જુમલા સરવે આવ્યા, કીધી ગુરે વધાયુંજી;
એ મારગ ગુરે ચલાયા, પરતક શાહ દીખલાંયા. હુરી૦ (૨૮૦)

આશાજી પંથ મારગ ગુરે ચલાયા, પરતક શાહ દીખલાયાજી;
સોહી શ્રી એસ્લામશાહ જાણો, સોહી કેહેકમાંહે બેઠા. હુરી. (૨૮૧)

આશાજી સોહી ગુર બાર ક્રોડસું પોતા, પોતા સરગ દુઆરેજી;
ધન ધન કરણી રખીસર તણી, જેણે ભેટયા દેવ મોરાર.
હુરી૦ (૨૮૨)

**Day 23 (Continued)**

આશાજી મારી ભુત ને દેવ રખીસર કીધા, રખીસર જીવ સોહીજી;
અમર ભોમ અમરાપુરીં પોહોતા, તે શાહને હાથોઈ હાથ.
હરી૦ (૨૮૩)

આશાજી એવા રખીસર કોઇ કોઈ હોશે, અને હોશે તે વીરલા કોઇજી;
તે રખીસર ઘેર વધાઈયું હોશે, અને પોંચશે તે જંપુદ્વીપે.
હરી૦ (૨૮૪)

આશાજી સરગ ભમણુ દોએ એકઠા રહેશે, અને સરંગમાંહે વધાયુંજી;
દસમેં આસમાનેથી નરજી આવ્યા, આવ્યા તે આપોહી આપ.
હરી૦ (૨૮૫)

આશાજી પચાસ હુરા નુરાની આવે, એક આવે અરધઅંગનીજી;
એકઠા બેસીને આપજ ખેલે, ખેલે તે ખેલણહાર. હરી૦ (૨૮૬)

આશાજી અરધઅંગની તે નારી આવે, જે હોવે શીલ સંતોખીજી;
તે નારી પચાસમાંહે શોભે, શોભે આપ શંણગાર. હરી. (૨૮૭)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)